# Royal Secondary School - Dhoraji

**Half-Yearly Exam** | **Sub:- Gujarati** | **Date :- 27-10-24**

**Std - 10th E.M.** | **Ch :-1 To 12** | **Marks :- 80** | **Time :- 3:00 Hour**

## વિભાગ - A [ગદ્ય વિભાગ]

**અ. નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો :** **[3]**

| A(કૃતિ) | B(સા.પ્રકાર) |
|---|---|
| (1) શ્વેતક્રાંતિના પ્રણેતાઓ | (અ) ટૂંકી વાર્તા |
| (2) સૂરજ તો બધે જ સરખો | (બ) રેખાચિત્ર |
| (3) શરણાઈના સૂર | (ક) હાસ્યનિબંધ |
| | (ડ) લોકકથા |

**બ. નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

**(4)** ....... પ્રાણવાયુની ધાર ફૂટે છે. (અબરખમાંથી, સબરસમાંથી, કમરખમાંથી)

**(5)** વર્ગીસ કુરિયને આણંદનગરને અમૂલ ડેરી દ્વારા ........ સિટીની ઓળખ અપાવી છે. (મિલ્ક, ગ્રીન, વિદ્યાનગરી)

**નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **[2]**

**(6)** જર્મની ઉદ્યોગ–ધંધાની દૃષ્ટિએ ઘણો આગળ વધેલો દેશ છે.

**(7)** પેનોરમા પોઈન્ટ પર એક રબડીવાળો બેસે છે.

**ક. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો :** **[3]**

**(8)** 'શરણાઈના સૂર' કૃતિમાં કોના વાત્સલ્ય હૃદયની વાત કરવામાં આવી છે ?

**(9)** ટિકિટ માટે ભદ્રંભદ્ર કયો શબ્દ પ્રયોજે છે ?

**(10)** ત્રિભુવનદાસે કુરિયનના આગમન પહેલાં કઈ સંસ્થાની સ્થાપના કરી હતી ?

**ડ. નીચેના પ્રશ્નોના બે – ત્રણ વાક્યમાં ઉત્તર આપો : (ગમે તે બે)** **[4]**

**(11)** કાન્તિએ નાનપણમાં રમતાં રમતાં પથ્થર ફેકયો તે કોને વાગ્યો હતો ? તેનું શું પરિણામ આવ્યું ?

**(12)** સિક્યોરિટી ઓફિસરે શું સમજાવ્યું ?

**(13)** "સૂર્યને જોવા માટે લેખક મહાબળેશ્વર કરતાં આબુ જવું" એમ શા માટે કહે છે ?

**ઈ. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો : (ગમે તે બે)** **[6]**

**(14)** વિધવા બા પારવતીએ કાન્તિ અને તેના મોટા ભાઈને કેવી કેવી મુશ્કેલ પરિસ્થિતિમાં ઉછેર્યો હતા ?

**(15)** 'સૂરજ તો બધે જ સરખો' પાઠના લેખક આખરે કયાંય ન જવા માટે કેમ વિચારે છે ?

**(16)** સહકારી ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે કુરિયને આપેલો ફાળો 'શ્વેતક્રાંતિના પ્રણેતાઓ' પાઠને આધારે વર્ણવો.

## વિભાગ - B [પદ્ય વિભાગ]

**અ. નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો :** **[3]**

| A(કૃતિ) | B(કર્તા) |
|---|---|
| (17) જીવન અંજલિ થાજો | (અ) નિરંજન ભગત |
| (18) જીવમાં જીવ આવ્યો | (બ) વિનોદ ભટ્ટ |
| (19) હાથ મેળવીએ | (ક) હરિકૃષ્ણ પાઠક |
| | (ડ) કરસનદાસ માણેક |

**બ. નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

(20) હું હાથ લંબાવીને તમારા ...... સુધી પહોંચવા માગું છું. (ઘર, અંતર, હૃદય)

(21) મોરલીનો નાદ ........ ગાજે છે ? (ગગનમાં, ધરતીમાં, ઘરમાં)

**નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **[2]**

(22) મોરલી કાવ્ય 'મીરાંના શ્રેષ્ઠ પદ' માંથી લેવામાં આવ્યું છે.

(23) જીવન અંજલિ થાજો પ્રાર્થના 'હરિનાં લોચનિયાં માંથી' લેવામાં આવી છે.

**ક. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો :** **[3]**

(24) 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિ દરેક સ્પંદને શું ઈચ્છે છે ?

(25) 'જીવમાં જીવ આવ્યો' કાવ્ય કયા છંદમાં છે ?

(26) 'હાથ મેળવીએ' કાવ્યનો શો ભાવાર્થ છે ?

**ડ. નીચેના પ્રશ્નોના બે – ત્રણ વાક્યમાં ઉત્તર આપો :(ગમે તે બે)** **[4]**

(27) વરસાદ વરસવાથી પ્રકૃતિ પર તેની શી અસર થઈ ?

(28) 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિ પોતાનાં ચરણોને વણથાકયાં કેમ કહે છે ?

(29) 'મોરલી' કાવ્યને આધારે કુષ્ણના પહેરવેશનું વર્ણન કરો.

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો :(ગમે તે બે)** **[6]**

(30) કાવ્યપંકિત સમજાવો :

"વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો,
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો"

(31) પ્રથમ વરસાદ થયા પછીની નવચેતનાને તમારા શબ્દોમાં વર્ણવો.

(32) ધન, સત્તા, કીર્તિનું કામ નથી એમ કવિ શા માટે કહે છે ?

## વિભાગ - C [વ્યાકરણ વિભાગ]

♦ **માગ્યા પ્રમાણે પ્રશ્નોના ઉત્તર લખો : (દરેકનો એક ગુણ)**

**(33) નીચેનામાંથી કયો શબ્દ 'કસબી' શબ્દનો સમાનાર્થી છે ?** **[1]**

(અ) કણબી (બ) કુંભાર (ક) કળાકુશળ

**(34) નીચેનામાંથી સમાનાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી ?** **[1]**

(અ) કંચન–સોનું (બ) અનાડી–જકકી (ક) સત્તા–ફરજ

**(35) 'સૂર્યાદય' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો.** **[1]**

(અ) સૂર્યાસ્ત (બ) સૂર્યમંડળ (ક) સૂર્યઊર્જા

**(36) નીચે વિરુદ્ધાર્થી શબ્દના જોડકાં આપ્યાં છે, તેમાં કયું જોડકું ઉચિત નથી ?** **[1]**

(અ) સમજુ × અણસમજુ (બ) સ્મરણ ×વિસ્મરણ (ક) ભીનાં × ધોળાં

**(37) નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?** **[1]**

(અ) સૂરાવલિ (બ) સુરાવલિ (ક) સુરાવલી

(38) અમૂલ ડેરીના અધ્યક્ષ સ્થાનેથી સ્વૈચ્છિક ....... લીધી ત્યારે પ્રચંડ લોકાદર સાંપડયો. **[1]**

(અ) નિવૃત્તિ (બ) નીવૃત્તિ (ક) નિવુત્તિ

**(39) નીચેનામાંથી 'સ્વાવલંબન' શબ્દની કઈ સંધિ યોગ્ય રીતે છોડેલી છે ?** **[1]**

(અ) સ્વ + આવલંબન (બ) સ્વ + અવલંબન (ક) સ્વાવ + લંબન

**(40) નીચેનામાંથી કયો સમાસ મધ્યમપદલોપી છે ?** **[1]**

(અ) આગગાડી (બ) દીન–દુખિયા (ક) હાલકડોલક

**(41)** સોપાન સર કરવા –**રૂઢિપ્રયોગોના અર્થ આપો.** **[1]**

**(42)** પાણી પહેલાં પાળ તો સલામત તળાવ – **કહેવત સમજાવો.** **[1]**

**(43)** 'અમને સમજાયું – **કર્તરિવાકય બનાવો.** **[1]**

**(44)** 'રમઝુ યંત્રવત્ આગળ વધ્યો' – **ભાવેવાકય બનાવો.** **[1]**

**(45)** **નીચે આપેલ વાકયમાં રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.** **[1]**

તારી <u>ભ્રષ્ટ</u> વાસનાને લીધે તું અજ્ઞાન રહયો છે.

**(46)** **નીચેનામાંથી અવિકારી વિશેષણ શોધીને લખો.** **[1]**

(અ) એક (બ) મોટા (ક) પાંચમી

**(47)** **યોગ્ય વિરામ્ચિહ્નો મૂકી વાકય ફરીથી લખો.** **[1]**

– પટ્ટો શું ફકકડ દહીંવડાં બનાવે છે

**(48)** **કયા વિરામચિહ્નો હંમેશા જોડમાં જ વપરાય છે ?** **[1]**

(અ) અવતરણ ચિહ્ન (બ) પૂર્ણવિરામ (ક) ઉદ્ગાર ચિહ્ન

## વિભાગ - D [અર્થગ્રહણ / લેખન]

**49.** **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો :** **[4]**

આજે આપણને આપણી પોતાની પ્રગતિ પ્રત્યે અહો–અહો થઈ રહ્યું છે. જોતજોતામાં કેટલું વિજ્ઞાન ખેડાયું છે અને ઝપાટાબંધ ખેડાતું જાય છે. પંદર મિનિટમાં ભયંકર ઉલ્કાપાત મચાવી શકાય તેટલે સુધી વિજ્ઞાનનો વિકાસ થશે એવા ભણકારા વાગે છે. પુરાણોએ ભગવાનનો મહિમા ગાતાં કહ્યું છે, "તેની ભ્રૂકુટિના વિલાસમાત્રથી બ્રહ્માંડોનો પ્રલય થાય છે". આ સિદ્ધિ તો માણસના હાથમાં આવવા લાગી છે. ચંદ્ર અને મંગળ અને ગુરુ તથા શનિ સાથે એ સંપર્ક સાધવાની કળા વૈજ્ઞાનિક શોધી કાઢશે એવી એને ઉમેદ આવી છે. ભોગસિદ્ધિ અને રોગના ઈલાજો શોધાઈ રહ્યા છે. હિંસા કરવાના અને તેની સામે બચવાના પણ નવા નવા માર્ગો ખોળાય છે. પણ રોગ, ઘસારો અને હિંસાને જીવનમાં સ્થાન જ ન મળે, ન પોતાને લાગે, ન બીજાને પહોંચે, એવી જાતના જીવનના નિયમોને શોધવા અને તેને અનુકૂળ સંસ્કૃતિને ખીલવવાની બુદ્ધિ હજુ શોધાઈ નથી.

– કિશોરલાલ મશરૂવાળા

**50.** **આપેલા મુદાઓ પરથી વાર્તા લખો અને તેને યોગ્ય શીર્ષક આપો :** **[ 4]**

**મુદાઃ** એક પ્રવાસી – રાત્રિનો સમય – ધર્મશાળાની શોધમાં – ધર્મશાળાનો દરવાજો અંદરથી બંધ – દરવાજો ખખડાવવો – રખેવાળનો જવાબ : 'ચાવી ખોવાઈ ગઈ છે. તમારી પાસે ચાંદીની ચાવી હોય તો દરવાજો ઊઘડે" – પ્રવાસીએ તડમાંથી ચાંદીનો રૂપિયો સરકાવો – દરવાજો ઊઘડવો – પ્રવાસીની ચતુરાઈ – રખેવાળને સામાન લેવા બહાર મોકલવો – દરવાજો બંધ કરી દેવો – રખેવાળે દરવાજો ખખડાવવો – પ્રવાસીનો જવાબ : "ચાવી તમારી પાસે છે. તે આપો તો દરવાજો ઊઘડે" – રખેવાળનું સમજી જવું – દરવાજો ઊઘડવો – બોધ.

**51.** તમારી શાળામાં એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને વિદાય આપવા યોજાયેલા પ્રસંગને આલેખતો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. **[ 4]**

**52.** **નીચે આપેલી પંક્તિઓનો વિચાર – વિસ્તાર કરો :** **[ 4]**

પોપટ કોયલ બોલ થોડો પણ લાગે ભલો,
વૃથા ગુમાવે તોલ બહુ બોલીને દેડકાં.

**અથવા**

કોઈ મારા માર્ગમાં કંટક ભલેને પાથરે;
પુષ્પ તેના માર્ગમાં વેરીશ હું, વેરીશ હું.

**53. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો :** **[ 8]**

જીવનમાં રમતગમતનું સ્થાન

**મુદ્દાઃ** (પ્રસ્તાવના – રમવું એ જન્મસિદ્ધ અધિકાર – બાળપણની વિવિધ રમતો – રમતોના લાભ – ઉપસંહાર)

**અથવા**

મારા સ્વપ્નનું ભારત

**મુદ્દાઃ** (ભારતનો ભવ્ય ભૂતકાળ – અંગ્રેજોના સમયની સ્થિતિ – આઝાદી પછી થયેલી પ્રગતિ – આઝાદી પછીનાં દૂષણો – મારા સ્વપ્નનું ભારત – ઉપસંહાર)

**અથવા**

મારું પ્રિય પુસ્તક

**મુદ્દાઃ** (પ્રસ્તાવના – પ્રિય પુસ્તક ગીતાનો પરિચય, પૂર્વ કથા – પુસ્તકમાં રહેલો બોધ – પુસ્તકની વિશેષતા – ઉપસંહાર)

***Best of Luck***